રાજકોટ મહાનગરપાલિકા
ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# શહેરમાં ડ્રેનેજ અંગેની ફરિયાદોનો નિરાકરણ કરવા ખાસ ઝુંબેશના રૂપમાં પગલાં લેવડાવતા મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની

તારીખ: ૧૪-૦૮-૨૦૧૯

ભારે વરસાદને પગલે રાજકોટ શહેરમાં ડ્રેનેજ સંબંધી જે કાંઈ ફરિયાદો ઉપસ્થિત થાય તેનો સત્વરે નિકાલ થાય અને નાગરિકોને કોઈ મુશ્કેલી ના પડે તેવા હેતુથી મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ત્રણેય ઝોનના સિટી એન્જીનીયરશ્રીઓને સતર્ક રહીને ફરિયાદોના તત્કાલ નિકાલ લાવવા સૂચના આપી છે. માત્ર એટલું જ નહી, રાજકોટ મહાનગરપાલિકા ના વહીવટી શાખાઓના અધિકારીઓને પણ એક પણ ફરિયાદી નાગરિકની ડ્રેનેજની ફરિયાદ પેન્ડિંગ ના રહે અને તેનો નિકાલ સુનિશ્ચિત થાય એ માટે જરૂરી કાર્યવાહી કરવા તમામ ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રી, આસિસ્ટન્ટ કમિશનરશ્રી, અને અન્ય અધિકારીઓને આવશ્યક સંકલન કરવા સૂચના આપેલ છે. અત્રે એ નોંધવું રહયું કે, ભારે વરસાદ તુર્ત જ મહાનગરપાલિકા દ્વારા સ્ટોર્મ વોટર નિકાલ તેમજ ડ્રેનેજ લાઈનો અને મેનહોલ સાફ કરાવી પાણીનો તાત્કાલિક નિકાલ કરવા કામગીરી પૂરજોશમાં ચાલુ કરી જ દેવાઈ હતી, જોકે તેની સાથોસાથ આજથી આ કામગીરી પર વધુ ભાર મુકી ઝુંબેશના રૂપમાં ફરિયાદોનો નિકાલ કરવામાં આવી રહયો છે.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, શહેરમાં ભારે વરસાદને લીધે છેલ્લા ત્રણ દિવસમાં જે કાંઈ ડ્રેનેજ સંબંધી ફરિયાદો આવેલ છે તેનો નિકાલ લાવવા તમામ સિટી એન્જી., તમામ કોન્ટ્રાક્ટર અને એજન્સીઓ, તથા નાયબ કમિશનર દ્વારા સાથે મળીને ખાસ પગલા લેવામાં આવી રહયા છે. જેમાં ડ્રેનેજને અંગેની આવતી ફરિયાદો જેવીકે ગટર ચોક અપ થઇ જવી , રોડ રસ્તા પર ડ્રેનેજનું પાણી આવતું હોવાથી વાહનોની અવરજવર કરવા મુશ્કેલી પડવી , વિગેરે જેવી ફરિયાદો સદંતર ઝીરો કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા